ધી સુરતી સુન્ની વહોરા મુસ્લિમ એજ્યુકેશન સોસાયટી, સુરતનું મુખપત્ર

વહોરા સમાચાર

સમઝ અપની અપની

▪ શાકિર ઉનિઆ

▪ અલ્લામા ઈકબાલની દ્રષ્ટિ :

લગભગ ઘણાં વર્ષો પહેલાં ઈકબાલે બાંગેદરામાં કહેલું,

આંખ જો કુછ દેખતી હે, લબપે આ સકતી નહીં,
મહવે હયરત હું કે દુનિયા કયાસે કયા હો જાએગી

આજની દુનિયામાં ખરેખર **કયાસે કયા** થઈ રહી છે. માનવી ચંદ્ર ઉપર જઈ આવ્યો અને બીજા ગ્રહો ઉપર જવાની તૈયારી કરી રહયો છે. એ બીજા ગ્રહો ઉપર જશે. ઈકબાલે કહેલી વાત આંખોથી જોઈ શકાશે કે,

સિતારોંસે આગે જહાં ઔર ભી હૈ,
અભી ઈશ્કકે ઈમ્તિહાં ઔર ભી હૈ
તહી જિંદગીસે નહીં એ ફઝાએં
યહાં સેંકળો કારવાં ઔર ભી હૈ

* * *

▪ રાઝી બ રઝા રહેવાની નિરાલી રીત ! ! :

સંતો અને સૂફીઓ સબર કરવા માટે ઘણું કણું કહી ગયા છે. પણ મોટાભાગના લોકો માટે દુ:ખમાં સબર કરવાનું બનતું નથી.

છતાં કયારેક એકાદ સામાન્ય લાગતો માણસ પોતાના ઉપર આવેલી આફતો અને દુ:ખો વિષે ફરિયાદ કરવાને બદલે એમ કહે કે,

'હે પરવરદિગાર, મારા ઉપર જે દુ:ખો અને મુસીબતો આવે છે એ તો મને મળવી જોઈએ એના કરતાં ઘણી ઓછી મુશીબતો છે.'

ત્યારે સબર કરનાર **સાબિર**નો છેલ્લો દરજ્જો મેળવીને ભાગ્યશાળી બને છે.

આવો રાઝી બ રઝા રહેનાર સાબિર કહે છે :

મુસીબત પર મુસીબત ઔર ગમ પર ગમ દિયા તૂને
મગર ફિરભી મેરે હકસે બહોત કુછ કમ દિયા તૂને.

* * *

માહે ઝિલ્હજ/મોહરેમ ૧૪૪૦ સપ્ટેમ્બર- ૨૦૧૮ તંત્રી: મસ્ત મંગેરા

Website : www.ssvmes.org
Email: vohrasociety@yahoo.com Email:vohrasamachar@yahoo.com

વહોરા સમાચાર

હદીશ શરીફ

■ **ધન-દૌલત વિષે તમારાથી ધનિકની સાથે નહીં પણ તમારાથી ગરીબની સાથે સરખામણી કરો.**

ચિંતન

■ **જેના વિષે પોતે ખુમારી અનુભવી શકે એવી એકાદ પણ વસ્તુનો અભાવ એ મનુષ્યનું કદાચ સૌથી મોટું દુર્ભાગ્ય ગણાય. અર્થાત્ ખુમારી ન હોવું એ ઘણી ઘણી ગંભીર બાબત ગણાય.**

અંક : ૯

માસ: - સપ્ટેમ્બર ૨૦૧૮

માહે: ઝિલ્હજ/મોહરેમ ૧૪૪૦

તંત્રી : મસ્ત મંગેરા

• મુકતક

■ **નફાને ખોટનો ખયાલ ન કર,**
ફકીર સાથે ભાવતાલ ન કર,
કેમકે તું નથી તારી મિલકત
દોસ્ત તારામાં ગોલમાલ ન કર.

• શે'ર

■ **સંરક્ષણ કૂવાનું કરવું તે પણ કૂવાના ભોગે?**
ગજબ છે બાગના એવાજ- અહીં રક્ષક બની બેઠા!!

***

■ તંત્રી સ્થાનેથી...!

આજે સમાજમાં દેખાદેખીથી, પોતાને બીજાથી ઉચ્ચસ્થાને જોવાનો મોહ મોટા પ્રમાણમાં જોવા મળી રહયો છે. હું મોટો, હું જ સર્વસ્વ, મારું જ ધારેલું થાય અને તે કોઈની રોકટોક વગર એવું સમજનારો, માનનારો ઘણો મોટો વર્ગ છે.

એમનો અહમ પોષવા માટે ગમે તે માર્ગે જવા માટે તે હંમેશા તૈયાર રહે છે. આ માર્ગે ખરો છે કે ખોટો એ વિષે લેશમાત્ર વિચારતા નથી. પરંતુ હકીકતમાં -

હકીકતમેં હો તુમ દુનિયાસે અચ્છે,
હકીકતમેં મગર દુનિયા હી કયા હૈ ?

આ દુનિયા ફાની જ છે. આપણી નજર સામે આપણે હજારો-લાખોને દુનિયામાંથી અલવિદા લેતા જોયા છે. કુરઆન શરીફમાં - આ દુનિયા ફાની છે એવું ફરમાન આપણે ઘણીવાર પઢીએ છીએ- પણ એની અસર થાય થોડીકવાર માટે જ.

ફરીથી એ આ દુનિયામાંથી એનો કદી નાશ થવાનો નથી એવી રીતે જીવન જીવવાનું ચાલુ કરી દે છે.

અલ્લાહના પ્યારા નબી(સ.અ.વ.)ની હદીશ શરીફમાં પણ જોવા મળે છે કે માણસે પોતાની તુલના એનાથી નીચી કક્ષાના લોકો સાથે કરવી જોઈએ.

જો માણસ થોડોક જ સમજી જાય અને અલ્લાહને અને પ્યારા નબી(સલ.)ના ફરમાનને અનુસરે તો થોડાક જ સમયમાં સેંકડોની સંખ્યામાં ભુખે મરતા લોકો કે દીની-દુન્યવી ઈલ્મ લેતા નિર્ધન બાળકોની સ્થિતિમાં જોરદાર સુધારો થઈ જાય. ખોટા ખર્ચો રોકવા માટે કોઈકે તો પહેલ કરવી જ પડશે.

હજુ પણ સમય છે. સમજો, વિચારો અને અમલમાં મૂકવા કોશિશ કરો. તમારું કામ અલ્લાહને ઘણું પસંદ પડશે. •

• **મસ્ત મંગેરા(કાંગવઈ)**

E-mail : mastamangerakangwai@yahoo.com
Mob : 9426771991

તંત્રી ,મુદ્રક અને પ્રકાશક :- અહમદ ઈબ્રાહીમ મંગેરા ('મસ્ત' મંગેરા) મુદ્રણ સ્થાન:- નટરાજ પ્રિન્ટર્સ, ઈન્દરપુરા આંબાવાડી,સુરત
પ્રકાશન :- વહોરા સમાચાર, કાર્યાલય સ્થળ :- અલીબાગ,સ્ટેશન સામે, સુરત- ૩૯૫ ૦૦૩ માલિક :- ધી સુ.સુ.વ.મુ.એ.સોસાયટી-સુરત.

▪ કયામત કરીબ હશે ત્યારે...

• મુસાજી દીપક બારડોલીકર

એક અન્ય હદીસમાં દર્શાવાયા પ્રમાણે રસૂલુલ્લાહે અબ્દુલ્લાહ ઈબ્ન અમર ઈબ્ન આસ(રદિ.)ના પ્રસ્નના ઉત્તરમાં કહયું હતું, એવે સમયે તમારા ઘરમાં રહો. તમારી જીભને અંકુશમાં રાખો. તમે જે જાણતા હોય તે કરો અને અજાણ્યું તજી દો. તમારા કામકાજમાં લક્ષ આપો ને અન્યોના કામમાં માથું મારો નહીં.(અબૂદાવૂદ, મુસનદ અહમદ)

▪ **વીજકડાકા, પ્રચંડ વૃષ્ટિ:**

સૈયિદિના અબૂ-સઈદ ખુદરી (રદિ.)વર્ણવે છે કે રસૂલુલ્લાહે(સ.અ.વ.)ફરમાવ્યું, કયામત કરીબ આવશે ત્યારે આકાશી વીજના કડાકા ભડાકા વધી જશે. (મુસનદ અહમદ, કન્ઝૂલ ઉમ્માલ)

હઝરત બઝઝારે તેમની મુસનદમાં સૈયિદિના અબૂ-હુરયરહ(રદિ.)ના હવાલે વર્ણવ્યું છે કે રસૂલુલ્લાહે(સ.અ.વ.)કહયું, કયામત ત્યાં સુધી આવશે નહીં કે જયાં સુધી પ્રચંડ વરસાદ પડે નહીં, (એવો પ્રચંડ)કે જે કોઈ પણ તંબૂ ગૃહને કે વાળ-ઉનના બનેલા ઘરને સલામત રહેવા દેશે નહીં. (માત્ર તંબૂ નહીં, પાકી ઈમારતો, ઝૂંપડાં સૌ રહેણાંકી સ્થળોનો નાશ થઈ જશે.) (મુસનદ અહમદ, દુર્રે અલ-મનસૂર-સયૂની)

▪ **ફિતનાકીડિયારું ઉભરાશે:**

કયામત કરીબ હશે ત્યારે વિસ્વભરમાં કલ્પનાતીત એવું એક ફિતનાકીડિયારું ઉભરાશે જે માનવજાતને હવાતિયાં મારતી કરી દેશે. હદીસોમાં સંચિત એ ફિતના માંહેના કેટલાક ઉપર દર્શાવાયા છે. અન્ય અનેક ફિતનાઓનું વર્ણન ધરાવતી માતબર હદીસોનો સારાંશ-ભાવાર્થ હવે આપણે જોઈશું.

કયામત કરીબ હશે ત્યારે એક સરખો હકદાવો ધરાવતા બે બળવાન જૂથો વચ્ચે યુધ્ધ થશે, જ્ઞાન પાછું ખેંચી લેવાશે, ઘણા ભૂકંપો થશે, ખૂનરેજી વધી જશે, પેગમ્બરીના જૂઠા દાવેદાર ત્રીસ યા વધુ દજજાલો નીકળશે, સ્ત્રીઓ પહેરેલે કપડે નગ્ન હશે, ઉંટોની ખૂંધ જેવા અંબોડા વાળશે ને પુરુષોને ઉશ્કેરતી રહેશે.

કયામત કરીબ હશે ત્યારે ગુલામ સ્ત્રી તેના માલિકને જન્મ આપશે, ઉઘાડાપણાને ખુલ્લા બદનવાળા ભરવાડ લોકોના આગેવાન બનશે, પુત્ર તેના પિતાની નાફરમાની કરશે, રહસ્યો ખુલ્લાં થઈ જશે, જૂઠાઓનું સમર્થન કરાશે, વિશ્વાસઘાતીઓ પર વિશ્વાસ કરાશે અને દરેક કબીલો દગાબાજને સત્તા સુપરત કરશે.

કયામત કરીબ હશે ત્યારે બજારો અયોગ્ય વસ્તુઓથી ઉભરાશે, મસ્જિદોના મેહરાબ સજાવેલા હશે અને હદય કંગાલ હશે, સ્વજાતીય વ્યભિચાર વધશે, બૂરા લોકો ફલશે-ફાલશે, વ્યાજ ખવાશે, સંગીતના સાધનો અને ખજાનાઓનું પ્રદર્શન કરાશે, શરાબખોરી સામાન્ય થઈ જશે, લોકો જુગારી, વાંકદેખા ને નિંદાખોર થઈ જશે અને ઈમાનવાળા મૂર્તિપૂજકો સાથે જોડાઈને મૂર્તિપૂજક બની જશે.

કયામત કરીબ હશે ત્યારે સમય ઝડપથી પસાર થવા લાગશે(એટલો ઝડપથી પસાર થવા લાગશે) એટલો ઝડપથી કે વરસ એક મહિના જેવું, અઠવાડિયું એક દિવસ જેવું, એક દિવસ એક કલાક જેવો અને એક કલાક ચટ દઈને કોઈ વસ્તુ બળી જાય તેના જેવો થઈ જશે. આ દુનિયા અધમ બાપના અધમ દીકરા જેવી થઈ જશે, ટ્રસ્ટને માલે ગનીમત સમજવામાં આવશે, પુરુષ તેની પત્નીનો તાબેદાર થઈ જશે અને માની અવજ્ઞા કરશે. મિત્રની સરભરા અને પિતાની અવગણના કરાશે. કબીલાની આગેવાની લંપટ લોકો કરશે. રાષ્ટ્રનો વડો અનીતિમાન હશે. નીચની નીચતાથી ડરીને લોકો તેને માન આપશે. ગાનારી છોકરીઓ અને સંગીતના સાધનો સામાન્ય થઈ જશે. અને એ સમયના લોકો અગાઉના લોકોને શાપ આપશે.

કયામત કરીબ હશે ત્યારે મસ્જિદોના મહેરાબ શણગારેલા હશે અને લોકોના હદય ગર્વ અને તોછડાઈથી ભરેલાં હશે. લોકો મસ્જિદોમાં બડાઈ મારશે. લોકો બે ભાગમાં વહેંચાઈ જશે. એક ઈમાનદાર કે જેમનામાં દંભ હશે નહીં અને બીજા દંભીઓ, જેમનામાં ઈમાન હશે નહીં. (બુખારી, મુસ્લિમ, અબુ દાવુદ, તિરમીઝી, ઈબ્ન માજહ)

▪ **નાફરમાન લોકો :**

સૈયિદિના અબૂ-હુરયરહ(રદિ.)વર્ણવે છે કે અલ્લાહના રસૂલે(સ.અ.વ.)કહયું, તમે અગર લાંબુ જીવ્યા તો એવા લોકોને જોશો, જે તેમના રાતદિવસ અલ્લાહની નાફરમાનીમાં વીતાવતા હશે. (અને) ફિતના તેમના હાથમાં ગાયના પૂછડા માફક હશે.(મુસ્લિમ)

અને મુસ્લિમની એક બીજી હદીસ પ્રમાણે નબી કરીમ(સ.અ.વ.)કહયું છે, જયાં સુધી અલ્લાહ-અલ્લાહ બોલનારો એક માણસ પણ હશે ત્યાં સુધી કયામત આવશે

નહીં, એ બૂરા લોકો પર આવશે.

- **અધમ લોકો:**

સૈયિદિના ઈબ્ન ઉમર(રદિ.) વર્ણવે છે કે રસૂલુલ્લાહે(સ.અ.વ.)ફરમાવ્યું, જયારે મારી ઉમ્મત મગરૂર લોકોની ચાલઢાલ અપનાવે અને તેમની રીતભાત ઈરાન અને રોમના શાહજાદાઓ જેવી થઈ જાય તો અલ્લાહ અધમ લોકો જન્માવશે. સારા લોકો પર સત્તા ભોગવવા માટે.(તિરમીઝી)

સૈયિદિના અબૂ-હુરયરહ(રદિ.) વર્ણવે છે કે રસૂલુલ્લાહે(સ.અ.વ.) કહયું છે, અંતિમ ઘડી ત્યાં સુધી આવશે નહીં કે જયાં સુધી કોઈક કબર પાસેથી પસાર થનાર માણસ એમ ન ઈચ્છે કે કાશ એની જગ્યાએ હું હોત(બુખારી, મુસ્લિમ)

- **હજજ અને કયામત:**

બુખારીની એક હદીસમાં છે કે: અંતિમ ઘડી ત્યાં સુધી નહીં આવે કે જયાં સુધી કાબાતુલ્લાહની હજજનો વિધિ બંધ નહીં થાય, અને સૈયિદિના અબૂ સઈદ ખુદરી (રદી) વર્ણવે છે કે રસૂલુલ્લાહે(સ.અ.વ.) ફરમાવ્યું, હજજ અદા કરવામાં આવે તે પહેલાં અંતિમ ઘડી આવશે નહીં.

અને અન્ય એક હદીસમાં છે કે રસૂલુલ્લાહે (સ.અ.વ.)ફરમાવ્યું, અંતિમ ઘડી પરિપકવ સ્થિતિવાળી તે ગર્ભવતી સ્ત્રી જેવી છે જેના કુટુંબને ખાતરી નથી કે તેમનું બાળક કયારે અવતરશે, રાત્રે કે દિવસે.(મુસનદ અહમદ)

- **યુધ્ધ અને કયામત :**

સૈયિદિના અબૂ-હુરયરહ(રદિ.) વર્ણવે છે કે અલ્લાહના રસૂલે(સ.અ.વ.)કહયું છે, અંતિમ ઘડી આવશે નહીં કે જયાં સુધી મુસ્લિમો યહૂદીઓ વિરુધ્ધ લડશે નહીં અને તેમને મારશે નહીં. યહૂદીઓ શિલાઓ તથા વૃક્ષોની પાછળ સંતાશે અને શિલાઓ તથા વૃક્ષોને કહેશે, ઓ મુસલમાન, ઓ અલ્લાહના બંદા, અહીં મારી પાછળ યહૂદી છે, માર એને. પરંતુ ઘરકદનું ઝાડ બોલશે નહીં કેમ કે તે યહૂદીઓનું ઝાડ છે.(મુસ્લિમ, અબૂદાવૂદ, મુસનદ અહમદ)

મુસ્લિમે એ જ સનદ સાતે એ હદીસ આ શબ્દો સાથે વર્ણવી છે કે: અંતિમ ઘડી ત્યાં સુધી આવશે નહીં કે જયાં સુધી તમે તુર્કો સાથે લડો નહીં. - એમ લાગે છે કે એ કદાચ તુર્ક યહૂદીઓ હશે. (ક્રમશ:)

▪ વૃદ્ધત્વ: એક અનેરું અસ્તિત્વ

• પ્રો.ડો.હસન લુશત'વિતાન

વૃદ્ધત્વ એટલે જિંદગીના છેવટના દિવસો, જિવાતી જિંદગીની અંતિમ ઘડીઓ, મૃત્યુ તરફ ઘકેલાતી જિંદગીની બોઝિલ ક્ષણો, જીવનનો એ અંતિમ પડાવ, જે પછી દુનિયાના રંગમંચ પરથી અદ્રશ્ય થઈ જવાનું છે. વૃદ્ધત્વ એટલે જિંદગીના નાટકનું અંતિમ દ્રશ્ય.

વૃદ્ધત્વ-જિંદગીના આ તબકકાને સ્વીકારતા સામાન્ય રીતે માણસને રાજીપો નથી હોતો. આ અવસ્થા એટલે શારીરિક અને માનસિક ત્રાસની અવસ્થા, એવું સહજભાવે મનાયું છે. વૃદ્ધત્વની અવસ્થામાં શરીર જર્જરિત થઈ ગયું હોય, હાથપગ અશકત થઈ ગયા હોય, બુધ્ધિ મંદ પડી ગઈ હોય, કાને ઓછું સંભળાતું હોય, આંખે ઝાંખું દેખાતું હોય, ઘરના માણસો હડધૂત કરતા હોય, નરસિંહ મહેતાની પેલી પંકિતઓ સતત મનમાં ગૂંજતી હોય: ઘડપણ કોણે મોકલ્યું ?. ત્યાં વૃદ્ધોના અનેરા અસ્તિત્વની વાત કયાં કરવી ? જેમના અસ્તિત્વને કોઈ ગણતરીમાં જ લેતું ના હોય ત્યાં તેમના વિશિષ્ટ અસ્તિત્વની વાત જ કેમ થાય ?

આમ છતાં સમાજમાં વૃદ્ધોનું અલગ અસ્તિત્વ છે જ, એનો કોઈ ઈન્કાર કરી શકે તેમ નથી. વૃદ્ધત્વની અવસ્થામાં જીવતા વૃદ્ધોનું એક અનેરું અને અનોખું વ્યકિતત્વ હોય છે. એમના વ્યકિતત્વ અને અસ્તિત્વનો જો બાકી સમાજ, ખાસ કરીને યુવાનો અને યુવતિઓ સ્વીકાર કરે તો તેમને અને બૃહદ સમાજને અવશ્યપણે કશાક વિશેષની પ્રાપ્તિ થઈ શકે છે.

વૃદ્ધત્વની દશા-અવદશા ભોગવી રહેલા વૃદ્ધો પાસે જિંદગીનો બહોળો અનુભવ હોય છે. આ અનુભવોમાં દરેક પ્રકારના રસ અને સ્વાદની વાતો હોય છે. એમના સંસર્ગમાં આવવાથી આપણને આ વિવિધ રસ અને સ્વાદની વાતો સાંભળવાની, માણવાની તક મળે છે અને આપણા જિવન-પાથેયમાં સારી એવી વૃદ્ધિ થાય છે. એમના આ અનુભવ જગતનો આપણે વિના સંકોચે લાભ લેવો જોઈએ.

પોતાનું પણ હજી નોંધપાત્ર અસ્તિત્વ છે અને એમાં અનેરાપણું અને વૈશિષ્ટય છે એ બાબતે વૃદ્ધોમાં પણ સભાનતા હોવી જરૂરી છે. વૃદ્ધો પોતે જ જીવન પ્રત્યે નકારાત્મક અભિગમ ધરાવતા થઈ ગયા હોય તો તેઓ

પોતાનું અલગ અસ્તિત્વ પ્રસ્થાપિત કરી શકતા નથી. આથી જરૂરી એ છે કે તેઓ વૃદ્ધત્વની અવસ્થામાં પણ પ્રફુલ્લિત રહે, પોતાનાં મન-મસ્તિષ્કને સતેજ રાખે અને પોતાના બાકી જીવનને એ રીતે માણે કે જોનાર દરેક જણને વૃદ્ધના અસ્તિત્વનો સ્વીકાર કરવો જ પડે. પોતે કોઈનીય દયા અને સહાનુભૂતિનું પાત્ર નથી, પરંતુ હજી પણ પોતાનામાં જીવન પ્રત્યેનો જોમ અને જુસ્સો, ઉત્સાહ અને ઉલ્લાસ યથાવત છે તેની આસપાસની દુનિયાને પ્રતિતિ કરાવતા રહેવું અત્યંત જરૂરી છે.

સામાન્ય રીતે એવું જોવા મળે છે કે વૃદ્ધાવસ્થા એટલે જિંદગીનો નિવૃત્તિકાળ, એમાં કોઈ પ્રવૃત્તિ કરવાની હોતી નથી. આ અવસ્થામાં તો બસ આરામ જ આરામ, એવું માનીને વૃદ્ધો પોતાનું બાકી આયુષ્ય જેમતેમ પુરું કરી નાંખતા હોય છે. કોઈપણ રચનાત્મક પ્રવૃત્તિના અભાવે વૃદ્ધાવસ્થાના છેવટના અને મહત્વના વર્ષોનો કિંમતી સમય મોટેભાગે તો ટોળાટપ્પા કરવામાં, વાહિયાત વાતો કરવામાં અને યુવાપેઢીને ન ગમે એવી સલાહો આપવામાં પસાર કરતા હોય છે. આથી તેઓ નવી પેઢીને, યુવા પેઢીને અણગમતા અને અકારા થઈ પડે તો એમાં શું આસ્ચર્યજનક અને શું આઘાતજનક ? યુવાપેઢી-રોજેરોજ બદલાતા જતા વાતાવરણમાં પાંગરેલી અને ઉછરેલી યુવાપેઢી વૃદ્ધોને હડધૂત ન કરે, તેમની અવગણના કે ઉપેક્ષા ન કરે એ માટે વૃદ્ધોએ યુવાપેઢી સાથે ભળી જઈ, તેમની વિચારધારાઓ સાથે એકરૂપતા સાધી, સામન્જસ્ય સ્થાપી, બિનજરૂરી સંઘર્ષ ટાળવો જોઈએ. જો આમ થશે તો યુવાપેઢી વૃદ્ધોને સહર્ષ આવકારશે અને અપનાવશે. યુવાપેઢી દ્વારા થતા આવા સ્વીકારથી વૃદ્ધાવસ્થાના નિર્ણાયક દિવસો સુખ અને આનંદમાં વ્યતીત થશે અને વૃદ્ધત્વને પણ અસ્તિત્વના ઉત્સવ તરીકે માણી શકાશે.

આજના ઝડપી દૌરમાં મનુષ્ય આખી જિંદગી સરકારી, અર્ધસરકારી કે ખાનગી નોકરીમાં દોડાદોડી કરતો હોય છે, વ્યાપાર-ધંધામાં હોય તો તોલમાપ અને સૌદાબાજીમાં કિંમતી વર્ષો પસાર થતા હોય છે. નિરાંતે જીવવાનો, નિરાંતનો શ્વાસ લેવાનો એની પાસે અવકાશ જ હોતો નથી. આવો અવકાશ એને વૃદ્ધાવસ્થામાં જ મળી શકે છે. જિંદગીના એ ગણ્યાં ગાંઠ્યા વર્ષો તો નિરાંતે જીવી જ લેવાં જોઈએ. વૃદ્ધોને તે વેળાએ પૌત્ર-પૌત્રીઓ કે નાનાં બાળકો સાથે સમય પસાર કરવાનું મન થવું જોઈએ. નાનાં બાળકો સાથે ભળી જઈને પોતાના બાળપણને સંભારે અને વૃદ્ધાવસ્થાના થાકને વિસારે તો ઘડપણના દિવસો પણ આનંદોત્સવના બની જાય છે. કેટલાક વૃદ્ધો વૃદ્ધાવસ્થામાં પણ ડહાપણ ડહોળવાનું, પારકી પંચાત કરવાનું, કજિયા -કંકાસ કરવાનું અને ફાંફાં મારવાનું છોડતાં નથી ત્યારે તેમનું અસ્તિત્વ અનેરું નહી પણ અકારું થઈ પડે છે. વૃદ્ધજનોએ યૌવનસહજ વૃત્તિઓથી બચવું જોઈએ અને છેવટનાં વર્ષો શાંત ચિત્તે, વધુમાં વધુ આધ્યાત્મિક ભાવો સાથે, અધ્યાત્મલક્ષી પ્રવૃતિઓ સાથે પસાર કરવા જોઈએ.

જિંદગીના છેલ્લા કિનારે ઉભેલા વૃદ્ધો પણ છેવટે તો જીવંત મનુષ્યો છે. તેમની પાસે જીવનના ખટમીઠાં સ્મરણોનો વિપુલ ભંડાર છે, વૈવિધ્યસભર અનુભવોની વ્યાપક મૂડી છે. જિંદગીની ભરતી-ઓટનો ગહન નિધિ છે. આ બધાંનો તેઓ પોતાના પરિવાર અને સમાજના હિતમાં ઉપયોગ કરી શકે છે. તેઓ ભલે લાકડીને ટેકે ટેકે ચાલતા હોય, પરંતુ તેમના અનુભવોની લાકડી ઝાલીને યુવા પેઢી પોતાના વર્તમાનને ટેકો આપી શકે છે અને ભવિષ્યનો માર્ગ કંડારી શકે છે. ઘણાં યુવાનો પોતાના મા-બાપ, વડીલોને, વૃદ્ધોને ચાના કૂચાની જેમ ફેંકી દેતા હોય છે, તેમને વૃદ્ધાશ્રમોમાં ધકેલી દેતા હોય છે અને તેમના જીવનના અંતિમ વર્ષોને ભારે ચાતનાભર્યો અને નર્ક જેવા બનાવી દેતા હોય છે. જો આવું બને તો તે ખૂબ જ દુઃખદ અને આઘાતજનક ગણાય. વૃદ્ધત્વ એ જીવનની ચરમ અવસ્થા છે. માણસનું આયુષ્ય જો દીર્ઘ હોય તો તેણે આ અવસ્થાનો સામનો કરવો જ પડે છે. અને આપણું આયુષ્ય કેટલું છે તે આપણે જાણતા નથી. આથી આપણે પણ એકવાર વૃદ્ધત્વની અવસ્થાનો સ્વાદ ચાખવાનો જ છે એમ માનીને વૃદ્ધોની કદર અને ઈજજત કરવી જોઈએ. આપણા સંમાન્ય વડીલો તરીકે વૃદ્ધોની માવજત કરવામાં આપણી માનવીયતા, સંવેદનશીલતા, ઉદારતા, સહિષ્ણુતા, ધર્મપરાયણતા વગેરે ઉમદા ગુણોનું પણ વહન થાય છે અને આપણે વધુ શોભી ઉઠીએ છીએ, એ ભૂલવું ન જોઈએ.

■ (પુસ્તક : જાગૃતિની ક્ષણોમાંથી)

▪ આખેઆખા ડોકટર પાતળી બેન્ડેજમાં સમાઈ જશે !

વેલ્યુ ઈન હેલ્થ– મેગેજિને એવું કહ્યું કે શરીરના ઘા કે તેને લીધે થયેલા ચેપનો ઈલાજ કરાવવા માટે જગતભરના ૨૫ ટકા દર્દીઓ જે વાર્ષિક ખર્ચ કરે છે તેનો સરવાળો કરો તો અંદાજે એક અબજ બ્યાશી કરોડ રૂપિયા થાય. ઘાવ તો અકસ્માતે થાય પણ સાવધાની રાખીએ કે એ જલ્દી રૂઝાઈ જાય તો ખિસ્સું સલામત રહે. જોકે, આપણે ત્યાં થાય છે એવું કે ઘાવ સામાન્ય હોય તો ડોકટરને બતાવ્યા વગર જ પટ્ટી ચોંટાડી દેવાની, પછી જો એ વકરે તો જ દોડવાનું ! આવા દર્દીઓની વહારે સંશોધકો આવ્યા છે. એમણે સ્માર્ટ બેન્ડેજ તૈયાર કરી છે.

સામાન્ય રીતે બેનડેજ એ સારવારનો એક નિષ્ક્રિય પ્રકાર કહેવાય. પટ્ટી ચોંટાડો એટલે કામ પુરું. એની અંદરનો ઘા રૂઝાઈ રહ્યો છે કે વકરી રહ્યો છે એ વારંવાર ચકાસતા રહેવું પડે, સતત દેખરેખ રાખતા રહેવું પડે. જો થોડું ઈન્ફેકશન દેખાય તો પટ્ટી બદલી નાંખવાની. મતલબ, ડોકટરે યા તો ખુદ દર્દીએ તેના પર વોચ રાખવી પડે. આવું બધું ન કરવું પડે અને હેતુ પણ સરે તેવી રીતે આ જફાને ટાળવી કેવી રીતે ? એ વિચાર કયારનોય વૈજ્ઞાનિકોના દિમાગમાં સળવળતો હતો. તેમણે જે પરસેવો પાડયો, એમાંથી અંતે સુગંધ આવી.

સાદી ટેપજેવી જ માત્ર ૩ મિલીમીટર પાતળી, પારદર્શક બેન્ડેજમાં પી.એચ.(પોટેન્શિયલ ઓફ હાઈડ્રોજન)સેન્સર હશે, જે ઘાવની ગતિવિધિને તપાસશે. આ સેન્સરને કંપની આપવા તાપમાનમાપક એવું એક બીજું સેન્સર હશે. આ બંને ભાઈઓએ જે ડેટા પેટમાં સંધર્યો હશે તેને એક ટચુકડું માઈક્રોપ્રોસેસર વાંચી બતાવશે. પી.એચ. અને તાપમાન, આ બંને બાબતો મોનિટરિંગ માટે સૌથી મહત્વની ગણાય. કારણ ? ઘાવ અને તેની આસપાસ સોજો હોય તો તાપમાનમાપક સેન્સર તેને પકડી પાડે. બીજું કે ઘા સામાન્ય હોય તો તેને ૫.૫થી ૬ઈચની પી.એચ.રેન્જમાં હોય, પણ જો તેમાં ચેપનો પ્રવેશ થયો તો પી.એચ. વધીને ૬.૫ને ટપી જાય. આ બધી ખબર પી.એચ.સેન્સરને પડે. એટલે જેવો ઘાવ વકરતો જણાય અને જરૂર લાગે તો એની સાથે જ જોડાયેલું થર્મોરિસ્પોન્સિવ ડ્રગ કેરિયર સીધી જ એન્ટિબાયોટિક ડ્રગને ચામડી વાટે ઘાવની અંદર દાખલ કરી દે. ન તો ડોકટરની જરૂર ન તો દર્દીને સતત બિઝી રાખવાની માથાકૂટ. દાઝવાથી, ડાયાબિટીસથી કે અન્ય કોઈ રીતે પડેલા ઘા પર આબેન્ડેજ અમોઘ શસ્ત્ર બનીને ત્રાટકે છે. ફલેકિસબલ ઈલેકટ્રોનિકસની આ કમાલ છે. બેન્ડેજમાં જે પૂરજાઓ ટાંકવામાં આવ્યા છે એ સાવ સસ્તા છે. વળી બેનડેજ ડિસ્પોઝેબલ છે પણ યુઝ કર્યો પછી થ્રો કરતી વખતે પેલું માઈક્રોપ્રોસેસર કાઢી લેવાનું. એ પાછું કામમાં આવે.

મેસેચ્યુસેટસ ખાતેની ટફટસ યુનિવર્સિટીના ઈલેકટ્રિકલ એન્ડ કમ્પ્યુટર એન્જિનિયરીંગના પ્રોફેસર ડો.સમીર સોનકુસલે આ નવી શોધના જનક છે. તેમણે અને તેમની ટીમે ઓકિસજન સાથે સંસર્ગે કરતું ફલેકિસબલ સેનસર પણ તૈયાર કર્યું છે જે પણ આ બેન્ડેજ સાથે લગાવીને ઘાવને રુઝાવવાની ક્ષમતા ધરાવે છે. તેમનું માનવું છે કે આ નવતર પ્રયોગની સફળતાએ આ દિશામાં અનેક નવી સંભાવનાઓને જન્મ આપ્યો છે, કેમકે આવા તો અનેક વેરેબલ સેન્સર્સ અત્યારે પણ ઉપલબ્ધ છે. એમણે જે પ્રોટોટાઈપ બનાવ્યો એ ટેસ્ટિંગના તબકકાને લોંગ જમ્પથી કયારનોય ઓળંગી ચૂકયો છે. હવે એ માર્કેટમાં આવે એટલી વાર છે. પછી ઘાવ છે અને આપણે છીએ.

▪ કાશ્મીરી વૈજ્ઞાનિકે પ્રોસ્ટેટ કેન્સરનો ઈલાજ શોધી કાઢયો

એક કાશ્મીરી વૈજ્ઞાનિકે એક એવી પ્રથમદર્શક શોધ કરી છે જે માત્ર કેન્સરના પ્રસાર અંગે આપણી સમજ જ વધારતી નથી પરંતુ પ્રોસ્ટેટ કેન્સરના નવા ઈલાજ માટે પણ માર્ગ મોકળો કરે છે.

ડો.ખાલીદ મુઝફ્ફર મસૂદીએ અમેરિકાની યુનિવર્સિટી ઓફ પિટસબર્ગના સહયોગમાં નેચર પ્રકાશન ગ્રૂપ દ્વારા પ્રસિધ્ધ થતા અગ્રણી કેનસર પત્રિકા નેચર ઓન્કોજીનના ફેબ્રુઆરીના અંકમાં એક સંશોધન પત્ર પ્રકાશિત કર્યું છે જેમાં એક નવો શોધાયેલ જીન ડીએએકસ-૧૫ની વાત કરવામાં આવી છે જે માનવ શરીરમાં કેન્સરના કોષોને ફેલાવે છે. આ પ્રથમ એવો અભ્યાસ છે જેમાં ડીએચએકસ-૧૫ કઈ રીતે પ્રોસ્ટેટ કેન્સર સાથે સંકળાયેલ છે તે જાહેર કરે છે અને અગ્રીમ તબકકાના પ્રોસ્ટેટ કેન્સરના ઈલાજ માટે સંભવિત નવું આણ્વિક લક્ષ્યાંક પુરું પાડે છે. કૃષિ યુનિવર્સિટી એસકેયુએસટીમાં કામ કરતા ડો.મસૂદીએ જણાવ્યું હતું કે મારા સંશોધનના સપનાને સાકાર કરવામાં વિજ્ઞાન કયારેય અવરોધરૂપ બન્યું નથી.

આયુષ મંત્રાલય અને અન્યો દ્વારા સહાયિત અમારી પાસે મોટા પ્રોજેકટ છે અને અમે આ મંત્રાલયોને સંતુષ્ટ કરી શકયા છીએ કે પ્લાન્ટ અને તબીબી સંશોધન એક સાથે ચાલે છે. પોતાની શોધ અંગે વાત કરતા ડો.મસૂદીએ જણાવ્યું હતું કે શરીરમાં કેન્સરના પ્રસાર માટે ડીએચએકસ-૧૫ની ભૂમિકા છે એવું જાણીને અમને આશ્ચર્ય થયું હતું. સાથે સાથે તે પ્રોસ્ટેટ કેન્સરને પણ ફેલાવે છે એ સંશોધન ખરેખર ગેમચેન્જર છે.

ડો.મસૂદીએ તાજેતરમાં પ્રોસ્ટેટ કેનસરના ઈલાજ માટે ત્રણ નવી પ્રોટોટાઈપ ડ્રગ શોધી કાઢી છે જે મોલેકયુલર કેન્સર થરેપ્યુટિકસ એન્ડ એન્ડિક્રિનોલોજીના તાજેતરના અંકમાં પ્રસિધ્ધ થયેલ છે.

ઘરના વડીલો, પરિવારોની નિષ્કાળજી અને કુઑન-હદીષના માર્ગદર્શનની અવગણના કરી

મુસ્લિમ સમાજમાં ઘટતી જતી ધાર્મિક ભાવના

મુસ્લિમ પરિવારોમાં દિન-પ્રતિદિન ઘટતો જતો દીની માહોલ, ઘરના વડીલો અને પરિવાર દ્વારા યુવાનો અને યુવતિઓ પ્રત્યે સેવાતી નિષ્કાળજી, યોગ્ય સારસંભાળનો અભાવ, સ્માર્ટફોન, સોશિયલ મીડિયાનો દુરુપયોગ, ઈન્ટરનેટ ઉપર ઉપલબ્ધ બિભત્સ ફિલ્મો, ટીવી સીરીયલો, બિભત્સ વાંચન સામગ્રીથી ભરેલા અખબારો જેવા અનેક કારણોને લીધે છેલ્લા કેટલાક વર્ષોથી મુસ્લિમ યુવતિઓ અને મહિલાઓના આંતરધર્મી યુવકો સાથે પ્રેમલગ્ન તથા લીવ એન્ડ રીલેશનશીપના કિસ્સામાં ચોંકાવનારી રીતે વધારો થયો છે.

સૌથી દુ:ખદ અને ગંભીર બાબત એ છે કે પવિત્ર રમઝાન મહિનામાં અમદાવાદ અને તેની આસપાસના વિસ્તારમાં ધર્મપરિવર્તન કરી આંતરધર્મી લગ્ન કરવા ૧૦થી વધુ મસ્લિમ યુવતિઓ દ્વારા રજીસ્ટ્રેશન ફોર્મ ભરવાના કિસ્સા સામે આવ્યા છે. સાથે સાથે ૭થી વધુ લીવ એન્ડ રીલેશનશીપના કિસ્સા પણ સામે આવ્યા છે. આનાથી ફલિત થાય છે કે ગુજરાતના છેવાડાના નાના શહેરો, જિલ્લા અને તાલુકાઓમાં કેટલી ભયંકર પરિસ્થિતિ હશે તે કલ્પના બહારનો વિષય છે. ધારાસભ્ય ગ્યાસુદીન શેખના જણાવ્યા મુજબ મારા સહિત સમાજના જાગૃત લોકોની જાણ પ્રમાણે છેલ્લા કેટલાક સમયથી મુસ્લિમ યુવતિઓ અન મહિલાઓના આંતરધર્મી યુવકો સાથે પ્રેમ તથા લગ્ન કરવાના કિસ્સા વધી ગયા છે. સમાજના જાગૃત નાગરિકો દ્વારા અવારનવાર મોબાઈલના માધ્યમથી મુસ્લિમ યુવતિ અથવા મહિલાનું ગેરમુસ્લિમ યુવક સાથે લગ્ન માટેનું રજિસ્ટ્રેશન ફોર્મ ભરવાની હદ સુધી જવા વાળી કિશોરાવસ્થાની યુવતિઓની સાથે પુખ્ત વયની સ્ત્રીઓનું પ્રમાણ પણ ખૂબ જ વધી ગયું છે. આ પરિસ્થિતિ એક કે બે શહેર પૂરતી મર્યોદિત નથી પરંતુ દરેક રાજયના અન્ય નાના શહેર, જિલ્લા અને તાલુકાના ગામડાઓમાં પણ આનું પ્રમાણ દિનપ્રતિદિન વધી રહયું છે.

ધાર્મિક સંસ્થાઓ, એનજીઓ અને સમાજસેવી સંસ્થાઓ પોતાની ફરજ સમજી સમયનો સદુપયોગ કરી સમાજમાં પેદા થયેલ બદીને જેટલું થઈ શકે તેટલા રોકવાના અથાગ પ્રયત્નો કરી પોતાની ફરજ નિભાવે જ છે અને કેટલાક કિસ્સાઓમાં એમણે સફળતા પણ મેળવી છે. પરંતુ હવે આપણે સામૂહિક રીતે ગંભીરતાપૂર્વક આ સંવેદનશીલ બાબતે સમાજમામં જાગૃતતા લાવવા વ્યાપક ચર્ચા અને સંશોધન કરવાનો સમય પાકી ગયો છે. આ ગંભીર સમસ્યાના ઉકેલ માટે મુસ્લિમોને ધાર્મિક અને સામાજિક માર્ગદર્શન આપવા માટે સમાજના ધાર્મિક, સામાજિક આગેવાનો અને એનજીઓએ આગળ આવી સમાજ પ્રત્યે જવાબદાર ગુજરાત ટુડે અખબાર તથા સોશિયલ મીડિયા દ્વારા સમાજને જાગૃત કરવા અભિયાન ચલાવવું પડશે.

એવું નથી કે મજબૂરીથી ફકત પૈસા માટે અભણ, નાસમજ, ગરીબ યુવતિઓ અને મહિલાઓ ગેરમુસ્લિમ સાથે લગ્ન માટેનું રજિસ્ટ્રેશન ફોર્મ ભરે છે પરંતુ પૈસે ટકે સમૃધ્ધ, સુખી સંપન્ન પરિવારની યુવતિઓ, મહિલાઓ, હાયર એજયુકેશન ધરાવતી, સરકારી તેમજ પ્રાઈવેટ જોબ કરતી યુવતિઓ અને મહિલાઓ પણ આ પ્રકારનું ગુનાહિત કૃત્ય કરી પોતાનું સમગ્ર જીવન અને આખેરત બરબાદ કરી રહી છે.

મુસ્લિમોની કોઈ જ્ઞાતિ, સમાજ, જમાત કે નાત એવી નથી કે જેની કોઈ યુવતિ કે મહિલા દ્વારા આવું ખોટું પગલું ભરવામાં ન આવ્યું હોય અને આવા ખરાબ કાંડનો ભોગ ન બની હોય. પહેલાં એવો સમય હતો કે મુસ્લિમ યુવતિ કે મહિલાનું નામ લેવું તો દૂરની વાત હતી પણ ભૂલથી પણ જો કોઈ પર પુરૂષની નજર પડી જતી તો તેને કંપારી છૂટી જતી અને તેની ફરિયાદ તેના મા-બાપને કરતી હતી.

પોતાની દીકરી ગમે તેટલી સારી હોય છતાં ઘરના જવાબદાર સભ્ય સાથે જ સ્કૂલ કોલેજમાં મોકલવી, પરિવારની દીકરીઓ પ્રત્યે યોગ્ય કાળજી રાખવાનો અભાવ, સમાજમાં મોડૅન અને એડવાન્સ દેખાવવાની મૂર્ખાઈ, વર્તમાન પરિસ્થિતિના નિર્માણ માટે મહિલાઓની પ્રાઈવેટ ઓફિસો, કોલ સેન્ટરો તથા મોલમાં નોકરીઓ, યુવતિઓના સહકર્મી તથા અજાણ્યા યુવકો સાથેના સંબંધોને ગંભીરતાથી ના લઈ નજર અંદાજ કરવા, પરિવારના પુરૂષ સભ્યો દ્વારા ફકત પોતાના ધંધા કારોબારમાં જ સમય આપવાના મુખ્ય કારણો પણ જવાબદાર છે. (સૌ.ગ્યાસુદીન શેખ-ધારાસભ્ય)

▪ સિનિયર સિટિઝન્સની સરકારને દયા આવે છે ?

ડોસા-ડોસીઓ આમ પણ વધારાના હોય છે. તે અટવાતા, અથડાતા જ રહે છે, મોટે ભાગે તો ! તે ઘરડાંઘરને ભારે હોય છે અથવા તો વિદેશમાં સંતાનોનાં બાળકો ઉછેરનારા વગર પગારના કામદારો હોય છે. સંયુકત કુટુંબના અવશેષો જેવા તેઓ કયારેક કુટુંબમાં, ચા-થાળીના ઓશિયાળા હોય છે. તે કયારેક તબેલાનાં ઢોર જેવાં ભવ્ય ભૂતકાળ વાગોળતા હોય છે ને એમને સાંભળવાની કે સહન કરવાની ભાગ્યે જ કોઈની તૈયારી હોય છે. ચલાતું ન હોય ને હયાતીનાં પ્રમાણ આપવા સંબંધિત સ્થાનોનાં પગથિયાં ઘસવાનાં જ થાય છે. લાઈનમાં ઉભા રહેવામાંથી સાઠ, પાંસઠની ઉંમરે પણ મુકિત નથી. રેલ્વેમાં કન્સેશન મળે છે, પણ પ્લેટફોર્મે ચડવા-ઉતરવામાંથી છૂટકો નથી. મોટે ભાગે લિફટ કે વ્હીલચેર અવેઈલેબલ નથી હોતી.

સાધારણ રીતે જે સંસ્થામાં ડિપોઝીટ હોય તે ખાતેદારના ખાતામાંથી લાગુ પડતો ટીડીએસ સંસ્થા કાપે છે ને ખાતેદારના પાનકાર્ડવાળા ઈન્કમટેક્ષના ખાતામાં જમા કરાવે છે, જેથી રિફંડ આપવાનું થાય તો એ રકમ ખાતેદારને જમા મળે. હવે બને છે એવું કે સંસ્થા ટીડીએસ કાપે, પણ જમા ન કરાવે, તો જે ટેકસ ખાતેદારે ભરવાનો થતો હોય તેમાં ટીડીએસ મજરે ના મળે ને ખાતેદારને ટેકસનું ભારણ વધે. કેટલાક કિસ્સાઓમાં તોએવું પણ બને છે કે ખાતેદારે રિફંડ લેવાનું થતું હોય તેને બદલે તેણે ટેકસ ઉપરાંત વ્યાજ કે પેનલ્ટી વધારાનાં ભરવાનાં થાય. આમ, ખાતેદારનો વાંક ન હોવા છતાં તે કારણ વગર દંડાય છે તેમાં સિનિયસૅની તો હાલાકીનો પાર જ નથી રહેતો. તેના ધકકા ઘટતા નથી.

સાધારણ રીતે ટીડીએસ ૧૦ ટકા કપાતો હોય છે, પણ કેટલાક કિસ્સાઓમાં તે ૨૦ ટકા કપાય છે. તેનું કારણ એ કે ખાતેદારે પાન નંબર નથી આપ્યો. આ વીસ ટકા તો ખાતેદારના પાન નંબરમાં જ જમા થાય છે, તો સવાલ એ થાય કે જો ખાતેદારના પાનનંબરમાં જ ટીડીએસ જમા થાય છે તો પાન નંબર નથી એવું કઈ રીતે કહેવાય ? ૧૦ને બદલે વીસ ટકા કાપવાથી પાન નંબર જડી જાય એવું કયું સાધન છે તે નથી સમજાતું. ખાતેદારને ૧૦ ટકા વધારે દંડવાનો આ ઉપક્રમ અમાનવીય છે. આમાંથી ખાતેદારોનો ઉત્તારો થવો જોઈએ. ને ગમ્મત તો એ છે કે આ બધું ઈમાનદારીથી રહેવા માંગે છે એને જ નડે છે, જેણે ચોરી કરવી છે કે સરકારને રાતેપાણીએ નવરાવવી છે, તેને કોઈ મુશ્કેલી નથી, તે તો અહીં તેમજ વિદેશમાં લહેર જ કરે છે.

▪ સફળતાનો માપદંડ ઈંચ કે કિલોમાં નથી હોતો.

ડિગ્રીઓ કે પરિવારના બેકગ્રાઉન્ડથી સફળતાને માપી શકાતી નથી. સફળતાને એના વિચારના આકારથી માપવામાં આવે છે. તમે કેટલું ઉંડું વિચારી શકો છો તે જ તમારી ઉપલબ્ધિઓ અને સફળતાને દર્શાવે છે અથવા દર્શાવી શકે છે. આત્મચિંતન કરીને સકારાત્મક, આશાવદી શબ્દો અને વાકયોનો પ્રયોગ કરો. હું હારી ગયો, હું આ ન કરી શકું જેવાં વાકયો નકારાત્મકતા દર્શાવે છે. તેનો પ્રયોગ ન કરો. મોટા ચિંતકો માત્ર એ નથી જોતા કે શું છે ? તેઓ એ પણ જુએ છે કે શું હોઈ શકે છે ?

સિકંદરે જયારે એક શહેરને જીતી લીધું ત્યારે કોઈએ એને પૂછયું, જો અવસર મળે તો તમે બીજું શહેર પણ જીતશો ? સિકંદરે જવાબ આપ્યો કે અવસર ? આ શું હોય છે ? હું જાતે જ અવસર બનાવું છું. આ જ રીતે વરલેએ કહયું છે કે હું મારો રસ્તો જાતે જ શોધી લઈશ અને નહીં મળે તો બનાવી પણ લઈશ! આલ્પ્સ પર્વતમાળાની સેન્ટ બર્નોડૅના ઘાટીનો સર્વે કરીને પાછા ફરતાં એન્જિનિયરોને નેપોલિયને પૂછયું કે, શું રસ્તો પાર કરવો શકય છે ? એન્જિનિયરોએ ખચકાટ સાથે જવાબ આપ્યો કે, કદાચ ના. આ સાંભળી તરત જ નેપોલિયને આદેશ આપ્યો કે, સિપાઈઓ! આગળ વધો. તે ૬૦ હજારની સેનાને લઈને શસ્ત્રોની સાથે અલંઘિત ઘાટીને પાર કરી ગયો અને તેણે દુનિયાને આશ્ચર્યમાં મૂકી દીધી. શું તમે પણ સફળતા મેળવવા માટે કોઈ અવસરની રાહ જોઈ રહયા છો ? જો જવાબ હા હોય તો જાણી લો કે જો તમારામાં કામ કરવાનું બળ અને દઢ સંકલ્પશકિત હોય તો દરેક અવસર અનુકૂળ બનશે. યાદ રાખો...

બીજાનો ઉત્સાહ વધારવા માટે સકારાત્મક ભાષાનો પ્રયોગ કરો. યોગ્ય લાગે ત્યાં લોકોના વખાણ પણ કરો.

બીજાની સામે યોજનાની રજૂઆત કરતી વખતે સકારાત્મક શબ્દોનો પ્રયોગ કરો.

સૌથી પહેલાં પોતાની ઈચ્છાશકિતમાં દઢતા વધારો

દૂરંદેશી બનીને હંમેશા ચૈતન્ય અવસ્થામાં રહો.

શોધવૃત્તિ રાખો અને આ જ દ્રષ્ટિએ ચારે તરફ જુઓ.

જયારે કોઈ તમારા પર વિશ્વાસ કરે ત્યારે એ પરિસ્થિતિને પણ તમે એક અવસર જ સમજો.

પોતાના વિચારો તરફ ધ્યાન આપો. એ બાબત પર ધ્યાન આપવું કે જીવનના નકારાત્મક વિચારોને દૂર કરવાથી શાંતિ મળે છે અને પોતે ઉર્જાથી ભરપૂર હોવ તેવો અનુભવ થાય છે.

ખુશમિજાજી અને સકારાત્મક વિચારો ધરાવતા લોકો સાથે રહો, જેથી તમારી જિંદગી પણ ખુશખુશાલ રહેશે.

અવસરને ઓળખવાની ક્ષમતા અને તેને ઝડપવાની યોગ્યતા રાખો.

અલ્લાહ પાક તમામ મહેનત કરનારને બદલો આપે જ છે. ▪

▪ બ્રેકઅપ થયું છે તો વેદના તો થવાની જ ને !

પાંદડું ઝાડ પરથી ખરતું હશે ત્યારે ડાળીને દર્દ થતું હશે ? બરફની શીલા જ્યારે પહાડ પરથી તૂટતી હશે ત્યારે આઈસ જરાયે ઓગળતો હશે ? સુકાતું પાણી જોઈ નદીની માછલીને મૂંઝારો થતો હશે ? મોટું થઈને પક્ષી જ્યારે ઉડી જાય ત્યારે પારેવાની પાંપણ ભીંજાતી હશે ? મેઘધનુષ ઓગળી જાય પછી આકાશને ઉદાસી લાગતી હશે ? ઝરણું સુકાઈ જાય ત્યારે પહાડોના પથ્થરોને પેઈન થતું હશે ? ખબર નહીં પણ એક વાત નકકી છે કે જ્યારે આપણે કશાથી પણ જુદા થઈએ ત્યારે વેદના થવાની જ છે. વેદના એ વાતનું પ્રતિક છે કે આપણામાં સંવેદના હજુ સજીવન છે. જડ હોય એ જીવંત ન હોય. આંખને પણ કયારેક આંસુની અધૂરપ વર્તાતી હશે. જે આંખ કયારેય ભીની નથી થઈ એ આંખોમાં દુકાળ ડોકાતો હોય છે. તરબતર હોય એ જ લથપથ થઈ શકે. આપણી અંદર એક ભીનાશ હોય છે જે આપણને હળવાશ આપવાનું કામ કરતી રહે છે. સૂકો માણસ સૂનકાર જ આપે. સન્નાટો એટલે કલરવની ગેરહાજરી.

કોઈ આપણી પાસેથી જાય ત્યારે સાથે ઘણું બધું લેતું જતું હોય છે એટલે જ આપણને એવું લાગતું હોય છે જાણે આપણે સાવ ખાલી થઈ ગયા. એક ખાલીપો આપણી અંદર સર્જાય છે. આપણને કયારેક તો એ નથી સમજાતું કે એ ખાલીપો આપણી અંદર છે કે પછી આપણે એ ખાલીપામાં આવી ગયા છીએ. આપણને આપણી હયાતી જ ન સમજાય ત્યારે અસ્તિત્વ સામે સવાલો ઉભા થાય છે. કોના માટે કરું છું આ બધું ? શું જોઈએ છે મારે ? શું મળી જવાનું છે મને ? જવાબો મળતા નથી અને ઉદાસી ઘટતી નથી. એક શાયરે કહયું છે કે....હાથ છૂટે ભી તો રિશ્તે નહીં તૂટા કરતે. ચલો માની લઈએ, છતાં પણ હાથ છૂટે એ પછી હથેળીમાં વળી જતો પરસેવો આંખમાં પણ તરવરતો હોય છે !

આપણે એકલા જીવતા હોતા નથી. આપણી અંદર ઘણું બધું જીવતું હોય છે. આપણા શ્વાસમાં માત્ર હવા નથી હોતી, બીજા થોડાક શ્વાસો પણ હોય છે. આ શ્વાસ છૂટે ત્યારે દિલની એકાદ ધડકન તો અટકતી જ હોય છે. હેડકી આવે ત્યારે તમને કોણ યાદ આવી જાય છે ? કોનું નામ અને કયો ચહેરો સામે આવી જાય છે ? એ તો કદાચ યાદ કરતો ન હોય, પણ આપણને કેમ એ વ્યકિત યાદ આવી ગઈ હોય છે ? કેટલાંક આંસુ પર અમુકનામ કોતરાયેલાં હોય છે, એ દેખાતાં નથી, માત્ર મહેસુસ થતાં હોય છે. ખરી જાય પછીયે કયાં બધું વહી જતું હોય છે ? એ તો કયારેક ડૂમો બનીને ગળામાં બાઝી જતું હોય છે, કયારેક ડૂસકું બની જતું હોય છે તો કયારેક અફસોસ બની આયખાને અભડાવતું હોય છે. ડિસ્ટન્સ જયારે ડૂમો કે ડુસકું બને ત્યારે દિલ તરડાતું હોય છે. ▪

▪ મોરોક્કન ભરવાડથી ફ્રાન્સના શિક્ષણમંત્રી સુધીની યાત્રા

ઘણા બધાને ખબર નહીં હોય કે ફ્રાન્સની શિક્ષણમંત્રી નજત વલાઉદ બેલ્કાસેમે જીવનમાં કઈ રીતે પડકારોનો સામનો કરી પોતાની દઢ ઈચ્છાશકિતથી સમાજની અવગણના કરી આ ઉચ્ચ શિખરે પહોંચી છે. ફ્રાન્સની સમાજવાદી રાજકારણીનો જન્મ મોરોક્કોમાં ૧૯૭૭માં થયો છે. એમણે પોતાનું બાળપણ એક ભરવાડ તરીકે જીવ્યું છે. એ ઘેટાં ચરાવતી હતી અને કૂવામાંથી પાણી ભરી લાવતી હતી. ૧૯૮૨માં એ પોતાની માતા અને મોટી બહેન સાથે ફ્રાન્સમાં આવી હતી. એમના પિતા બાંધકામ ઉધોગમાં કામદાર હતા. ફ્રાન્સની શાળામાં એમની બહેનપણીઓ એમના પોષાકને લઈ એની મશ્કરી કરતી હતી. એમણે ઘણો માનસિક ત્રાસ અને ભેદભાવ સહન કર્યો હતા. પણ આ ત્રાસ અને ભેદભાવે જ એમને મનોબળને વધુ મજબૂત બનાવ્યું. પેરિસમાં સ્નાતક થયા પછી એઓ ૨૦૦૨ના વર્ષમાં રાજકારણમાં જોડાયા. એ પહેલાં મેયરના સલાહકાર બન્યા. પછીથી એમણે ચૂંટણીમાં ઝંપલાવ્યું અને ૨૦૧૨માં એઓ કાઉન્સેલર બન્યા. ઓલાંદેની સરકારમાં એ મહિલાઓ બાબતના વિભાગની મંત્રી હતા. હવે કેબિનેટના ફેરફાર સાથે એમને શિક્ષણ મંત્રીનો હોદો અપાયો છે. નજતે જણાવ્યું કે , હું બધાને રાજકારણ સાથે જોડાવા સલાહ આપું છું. જો તમે હતાશાઓથી બચવા માંગતા હોવ તો રાજકારણનો હિસ્સો બનો. ▪

▪ એક તણખલાની વાત....

• હનીફ નાડત(કોંઢ)

'જાવીદ...હવે ઈદને ચાર દિવસો બાકી છે. આજે તો તમો નોકરીએ જાવ એટલે હું આયશા માસીના ઘેર જાઉં...ને એમને મરઘા પુરી બનાવવામાં મદદ કરું...' નફીસાએ પતિ જાવિદને સવાર-સવારમાં જણાવ્યું. 'તો..જાને...તને વળી કોણ ના પાડે છે. આયશા માસીનું ઘર એટલે તારું પિયર...' જાવિદે હસતાં હસતાં જણાવ્યું. 'પિયર તો ખરુંજ ને..આજે ચાર વર્ષોથી આપણે એમના મકાનમાં ભાડૂત તરીકે રહેતા છીએ પણ એમની જોડે એવી માયા બંધાઈ ગઈ કે આયશા માસી અને મામાજી જાણે આપણા સગાં મા-બાપ હોય એમ એઓ આપણી સાથે વર્તે છે...અને હા નફીસા આપણી પાસે છ જ મહિના ભાડુ લીધુ અને એક દિવસ મામાજી બોલ્યા કે....' અલ્યા જાવિદ...આવતે મહિનેથી ઘરભાડુ ન આપતો. જાવ મારા ઘરમાં મફત રહો...જલ્સા કરો..' ભાઈ આયશા માસી અને મામાજી સાવ ભોળીયા જીવ છે..કુદરતે એમને આભલે ભરીને આપ્યુ હોય ત્યાં આપણા બે હજાર રૂપિયાની વિસાત કેટલી...'

'હા નફીસા...બિચારા દયાળુ છે. અને સાચે જ આપણને ઘરના છોકરાઓની જેમ જ રાખે છે.'

આયશા માસીનો આમ તો ભવ્ય બંગલો હતો. ગામમાં કોઈનો આવો બંગલો ન હતો. એમનો એકનો એક દિકરો ફેમીલી જોડે કેનેડામાં સેટ થયો હતો. નાના દિકરાની અંકલેશ્વરમાં ફેકટરી હતી. તો એકની એક વહાલી દિકરી મલેશીયામાં એના પતિ જોડે વેલ સેટ હતી. અહીં તો નાનો દિકરો એની પત્નિ અને એક દિકરો અને આયશા માસી અને મામાજી આટલા જ રહેતા હતા. તેમાં વળી આ ભાડુત જાવીદને નફીસા આવ્યા ને એમની જોડે આયશા માસીને હૃદયનું સગપણ બંધાયું ને નફીસાને એ દિકરી જ માનવા લાગ્યા. સવારે જાવીદ નોકરીએ જાય કે તરત નફીસા એની બાળકીને લઈને બંગલે આવી જાય. અને છેક સાંજ સુધી એ ત્યાં જ રહેતી. જાણે ઘરની જ દિકરી હોય એમ એ રહેતી...આયશા માસીની વચલી પુત્રવધુ પણ નફીસાને જાણે પોતાની નણંદ હોય એમ રાખતી.

આમ તો જાવીદ અમદાવાદ સાઈટના કોઈ ગામડાનો હતો. અહીં અંકલેશ્વરમાં નોકરી કરતો હતો. તો નફીસાના તો માં-બાપ તો વર્ષો પહેલાં ગુજરી ગયા હતા. કયારેક એ જાવીદને રડતા રડતા કહેતીય ખરી...'જાવિદ...નથી તમારા માં-બાપ કે નથી મારા માવતર...તમારી મા આપણા લગ્ન પછી વરસે દહાડે ગુજરી ગયા ત્યારે મને ઘણું દુ:ખ થયું કે મારી મા ને તો હું નાની હતી ત્યારે ખુદા પાકે બોલાવી લીધી...ચાલો...મારી સાસુ પણ મારી મા જ ને....એમની ખીદમત કરીશ. પણ સાસુમા પણ મને નોધારી મેલીને ઉપડી ગયા અનંતની યાત્રાએ...' 'નફીસા....ના રડ...જેવી ઉપરવાળાની મરજી. આ આપણા આયશા માસી અને એમનો પરિવાર આપણને સગા સંતાનોની જેમ રાખે છે એ ઉપરવાળાનો અહેસાન માન. બાકી આપણાં જેવા મામૂલી જણ ને આવા શ્રીમંત લોકો સગપણની વાત તો પડતી મેલ...એમનું ઘરનું પગથિયું પણ ચડવા ન દે...આપણાં એક તણખલા જેવાઓને આટલું હેત આપ્યું, તને સગી દિકરીની જેમ રાખે..., વારે તહેવારે આપણને કંઈને કંઈ લઈ આપે એ ઓછું છે...આપણે તો ખુદા પાસે દુવા કરવાની કે આપણા આ સગપણને કોઈની નજર ન લાગી જાય. ' આપણે તો મજુરીયા માણસો...આપણી વળી વિસાત કેટલી...ચાલ વાતો ને બ્રેક માર...મતલબ આપણે અહીં શાંતિથી જીવી રહયા છીએ એ જ આપણા માટે ઘણું છે.

જાવિદને વિદાય કરીને નફીસા આયશા માસીને ત્યાં આવી. પુત્રવધુ અનીસા ઈદની ખરીદી કરવા ગઈ હતી. માસી જોડે એણે ફટાફટ મરઘા પૂરી બનાવવાની તૈયારી કરી નાખી. નફીસા...બેટી આજે અને કાલે આપણા ઘારી-પૂરી બનાવી નાંખીએ પછી તારા બનાવીશું ? આયશા માસી બોલ્યા.

માસી મારા માટે અલગ આ વર્ષે હું નથી બનાવવાની આ તમારા બનાવીએ છીએ એમાંથી થોડું

થોડું હું લઈ જઈશ. શું કામ વધારે માથાકુટ કરો...મારે ને તમારે કયાં કંઈ છેટું છે કે આમ આપણે ડબલ મહેનત કરીએ...નફીસા બોલી

ઓ ગાંડી રે ગાંડી...છેટાની કયાં વાત છે...તારા મામાજી મારું ચાલવા દે તો ને ? એ કહે, નફીસા આપણી દીકરી છે. એના માટે પણ બનાવજો. આપણી દિકરી બિલ્કીશ તો હજારો માઈલ દૂર જઈને વસી..આજ આપણી દિકરી...ને નફીસા તને તો ખબર છે તારા મામાજી જેમ કહે એમ અમારે કરવું પડે.

માસી ખરા છે મામાજી, નાની મોટી વાતમાં મારી કેટલી કદર કરે છે. આવા મોટા માણસ બાકી અમારા તણખલા જેવાઓને બારણે ફરકવા પણ ન દે- આંખમાંથી ટપકતાં આંસુ લુછતા નફીસા બોલી.

નફીસા તારા મામાજી વળી કયારે મોટા માણસ બની ગયા. એતો બિચારા ભોળીયા જીવ છે. તું જુવે ને કોઈની તારીમારી કે ગીબત માં એમને આપણે કયારેય જોયા છે. પણ નફીસા તારા આ મામાજીએ જીવનમાં લીલી-સૂકી જોઈ છે. યુવાનીના દિવસોમાં એમણે કરુણ ગરીબી જોઈ છે. હું પરણીને એમના ઘેર આવી ત્યારે એમના ઘરમાં ચુલા પાછળ મીઠું ન હતું. ભૂખમરો તો મેં પણ એમની જોડે વેઠયો...એમાં વળી કુદરતે બે દિકરા અને એક દિકરી મારા લગ્નના પાંચ જ વર્ષોમાં આપી દીધા તો તારા મામાજીની જવાબદારી ઓર વધી ગઈ. જી.આઈ.ડી.સી.માં કામે જાય...ભૂખ્યા રહે છે...મજૂરી કરે...કયારેક હું ટીફીન બનાવી આપું...કયારેક વગર ટીફીને જાય. એવામાં વિદેશથી એમના કોઈ સગાએ એમને રિક્ષા લઈ આપી પણ ગામના એક વ્યકિતએ મામાજીને કહયું ભિખના પૈસાની રીક્ષા છે આ તો...તો તું માનજે એ ગામના ચમચાના બોલ ઉપર તારા મામાજીએ પછી કયારેય એ રીક્ષાને હાથ ન લગાડયો. બેન...કારમી ગરીબીમાં પણ તારા મામાજી સામે પાણીએ તરનારા. એટલે એમના જીવનમાં વિઘ્નો પણ અવાર નવાર આવ્યા.

ધીરે ધીરે મારો મોટો છોકરો ભણી ગણીને વિદેશ જતો રહયો. નાનો પણ ખૂબ ભણ્યો ને આજે બે પાંદડે થયો તો દિકરી બિલ્કીશ પણ આજે સુખી છે. પણ બેટા....તારા મામાજી આવા અલગારી જ રહયા. ઘરની બહાર ભાગ્યે જ નીકળે. કોઈ જરૂરતમંદ આપણે ત્યાં આવે તો ઉદાર દિલે એમની મદદ કરે. આખો દિવસ એ.સી.રૂમમાં બેસી રહે. તારી મારી કે કોઈ પંચાત તો એમને આવડે જ નહી. અને હાં આજે પણ મારા દિકરાઓને એઓ કહે એ ફાઈનલ. અને દિકરાઓ પણ બાપનું એટલું જ માન સાચવે.

આયશા માસી ને નફીસા વાતો એ ચડયા હતા કે વચલી પુત્રવધુ ખરીદી કરીને આવી ગઈ. અને શું શું લાવી એ પોતાની સાસુને બતાવી રહી હતી કે એમાં એ બોલી, મમ્મી જુવો...આ મોજડી સાડા ત્રણ હજારની હું લાવી છું. તો સાસુએ મીઠો ઠપકો વહુને આપ્યો...વહુ બેટા...એક વખત અમારો એવો હતો કે સાડા ત્રણ રૂપિયાના સ્લીપર મારા પગ માટે મને ન મળ્યા. આ વાત ચાલતી હતી કે મામાજી પોતાના રૂમમાંથી બહાર આવ્યા. ને સાસુ-વહુની વાત સાંભળીને બોલ્યા...આયશા...સમય સમયને માન છે. આપણી બિલ્કીશને વળી કયાં ઈદ ઉપર નવા કપડા નસીબ થતા હતા....છોને...આપણી વહુ મોંઘી મોજડી લાવી...પહેલાંની બધી વાત ભૂલી જા....આપણે જે વેઠયું એ આપણાં સંતાનો ન વેઠે એવી દુવા કરતા રહેવાની...

શએરનો ધર્મ

વોહ શએર કે પયગામે હયાતે અબદી હય
યા નગ્મએ જિબ્રીલ હય યા બાંગે શરાફીલ

▪ ઈકબાલ

શાશ્વત/કાયમ જીવનના સનાતન અસ્તિત્વનો પયગામ/સંદેશો આપે તે શે'ર, એમાં અલ્લાહનો પયગામ માનવ સુધી પહોંચાડનાર ફરિશ્તા ઈશરાફિલનું આહ્વાન હોય, સારાંશ કે જેમાં કાંઈ ખુદાઈ આદેશ હોય અથવા ખોટા મૂલ્યોનું ખંડન કરવાની શકિત હોય.

એજ સાચો શે'ર છે. ▪

NEED FOR AWARENESS WORK WITH OUR YOUNG PERSONS

ISMAIL AHMED LAMBAT
Manchester

There is a pressing need for us Surti Sunni Vohras to develop work with our young men and women to get them closer to their religion and become aware and familiar with their social, economic and political surroundings. Whilst Madaris, Dar-ul-Ulooms, Imams of masajid, and the Tabligh Jamaat do a lot of work towards educating our people and get them to practice their religion which must be appreciated by all Muslims their role remains confined to those they teach, those they serve as imams and those who participate in Tabligh work. Whilst the Madaris, Dar-ul-Ulooms, Imams of masajid and the Tabligh Jamaat provide their respective services to both young as well as old we feel there are those who are distanced from the educating and awareness raising processes going on in their surroundings. We feel, there is a great need to bring such persons, both males as well as females closer to the expectations of our religion, closer to expectations of our endogamous group, closer to the social, economic and political happenings around us and help our people become aware of the good as well as bad happening around all of us.

We feel there is need to take steps to initiate learning opportunities for our young persons to help them differentiate as Muslims between what they ought to do and what they should avoid. The concerns we have are not new. Nearly everyone from our endogamous group have similar concerns about our young persons. Having concerns and lamenting about these concerns is good but our lamenting will not help our young persons nor allow us to get rid of our concerns. What is needed, we feel is an educating/training programme to allow our young persons to understand better their religion and the workings of the world. We feel most of our young persons, do not get opportunities or exposure to an environment where they can learn and try to understand the importance of their religion and the need to keep to it in the face of worldly attractions and the challenges brought about by the social and economic changes taking place around them.

We Surti Sunni Vohras have spent and continue to spend large sums of money on building and running madaris, dar-ul-ulooms, primary and secondary education providing schools and a technical education providing college and hostels to provide accommodation for our students. We feel as an endogamous group we have failed and continue to fail to reap the benefits of the money we as an endogamous group have spent and continue to spend to help educate our young persons. We all know our progress in acquiring secular education has been poor and continues to be poor. The same is true for our dar-ul-ulooms. The number of Vohras seeking religious education has over recent years decreased substantially.

We hope, and our readers will agree that whilst we as an endogamous group must continue to spend money to help educate our young persons, we also need to think about taking positive steps towards getting our young persons to attend informal education/awareness providing sessions. These sessions could if properly planned and run provide our young persons to learn to use both the religious as well as the secular they have acquired to live as practising Muslims. To help our young persons, there is need we feel to initiate some form of awareness raising/education providing work among our young people. We feel, and our readers will agree that whilst our dar-ul-ulooms try hard to educate our young men and women most of these only use their education when they

teach others in dar-ul-ulooms or in village based madaris. Their work remains confined to those they are employed to teach. Dar-ul-uloom teachers concentrate their efforts on passing on their education to the students they teach and only deliver bayaans when invited to do so. The work of imams of masajid is to lead the daily prayers. Besides this they deliver a short bayan on Fridays. Once again, their contact remains confined to those who attend the daily and Jumua prayers at the masajid.

We all know from our experiences as well from what we hear from others that many of our young men and women are engaged in activities which go against the expectations of our religious beliefs and many live their lives divorced from their endogamous group and from their social, economic and political surroundings. Many among our Vohras feel that more bayaans by our learned persons will help our people to move closer to our religion. We feel simply getting more young men and women to attend bayaans will not help them. They will, if encouraged to do so, attend bayaans but will not take away much from what they hear and use the information to try and correct themselves or put into practice what is brought to their notice. What is needed we feel, is more intensive work and more one-to-one work with our young persons. This will, the ALMIGHTY ALLAH willing we feel will help our young people to understand better the expectations of our religion as well as learn about economic, social and political issues and learn to use these as Muslims.

Our indifference towards making efforts to assist our people will simply make more of our young persons fall victims to corrupting ideas and practices. We feel there is no need for us to spell out in detail what our young persons are falling for as most of our readers will be aware of these. What is needed is help from the ALMIGHTY ALLAH and well thought out methods to approach our young persons and get them to move closer to our religion with better understanding of all the outside forces which distract and influence them.

We feel we Vohras need to make efforts to educate and train a group of our people to engage in doing the sort of work that will help our young persons to leave those un-Islamic and anti-social habits they have fallen for and/ or become victims of. We feel we need both young men as well as women with religious education but also with some levels of secular education attainments and with good general knowledge and very good communication skills with a sincere feeling and a lot of empathy towards helping our young men and women to move away from their anti-religious and anti -social activities and move towards the expectations of our religion.

